## વિદેશમાં ભણતાં ભારતીય વિદ્યાર્થીઓના સ્ટેટસમાં સુધારો

**8 ડિસેમ્બર, 2003**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ વિદેશમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓનીતેમને ફેમા અંતર્ગત બિનનિવાસ ગણવાની વિનંતી સ્વીકારી છે. આ દરખાસ્ત અંગેની તેમની દલીલ એવી છે કે, તેઓ વિદ્યાર્થી હોવા છતાં હકીકતે દેશમાં કોઇ પર અવલંબિત નથી. તેમના ઘરખર્ચ માટે ભારતમાંથી આવતા નાણાં પર આધારિત નથી. તેમને મોટાભાગે કામ કરવાની મંજૂરી મળે છે અને કમાણી કરે છે. આ માટે તેમની પરિભાષા બદલાવી જોઇએ.

ફેમા હેઠ બિનનિવાસી દરજ્જાને દર્શાવીને વિદ્યાર્થીઓ વિદેશમાં અમર્યાદિત સમયગાળા માટે રહેવા માગે છે, ભલે તે કાયમી ધોરણે ન હોય. આથી નક્કી કરવામાં આવ્યું કે, તેમને ફેમા હેઠળ બિનનિવાસીનું બિરૂદ આપવામાં આવે. બિનનિવાસી ગણવા છતાં આ બાબતોએ વિદ્યાર્થીઓ ભારતમાંથી નાણાં પ્રાપ્ત કરી શકશે.

i. ભારતમાં રહેતા નિકટના સગા તરફથી રહેવા કે ભણવા માટે સ્વેચ્છાએ અપાતી 1,00,000 યુએસ ડોલર સુધીની રકમ.
ii. ભારતમાં એડી દ્વારા સંભાળાતા વિદ્યાર્થીના ખાતામાંથી વેચાણમાંથી મળેલા / બચત કરેલા નાણાં યુએસ ડોલર દસ લાખ સુધીની રકમ.
iii. અન્ય દરેક સુવિધાઓ જે ફેમા અંતર્ગત બિનનિવાસી ભારતીયો માટે ઉપલબ્ધ છે.
iv. ભણવા માટે કે અન્ય કોઇ લોન (ભારતીય તરીકે) વિદ્યાર્થીએ લીધી હોય તે ચાલુ રાખવાની મંજૂરી મળે છે.

અહીં એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ સૂચનાઓ હેઠળ વિદ્યાર્થીઓ હાલમાં રહેલા ફોરેન એકસેન્જનો ઉપયોગ તેમના એકેડેમીક ઉદ્યોગ કાર્યો માટે કરી શકે નહીં.

**અજીત પ્રસાદ**
**પ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2003–2004/710**